RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 10 * Issue No. 291 *Date: 10.08.2024,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## સુપ્રીમ કોર્ટે ફગાવી પરીક્ષા મોકૂફ કરવાની માંગ, કહ્યું- કરિયર ખતરામાં ન નાંખી શકાય



સુપ્રીમ કોર્ટે આગામી ૧૧મી ઓગસ્ટે થનારી NEET-PG 2024 પરીક્ષા મોકૂફ કરવાની અરજી ફગાવી નાંખી છે. કોર્ટે કહ્યું છે કે, બે લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે, ચાર લાખથી વધુ તેમના વડીલ હશે. અને અહીં પરીક્ષા મોકૂફ કરાવવા માટે ચાર વિદ્યાર્થી આવ્યા છે. દેશમાં આટલી સમસ્યા છે અને તમે ઈચ્છો છો કે હવે પરીક્ષા મોકૂફ થાય.

નોંધનીય છે કે અરજી કરનારનો દાવો હતો કે કેટલાક ઉમેદવારોના પરીક્ષા કેન્દ્ર દૂર દૂર હોવાથી વિદ્યાર્થીઓને સમસ્યા થશે. પરીક્ષા કેન્દ્રની જાણકારી આઠમી તારીખે અપાઈ જ્યારે પરીક્ષા ૧૧મી તારીખે છે. એવામાં આટલા ઓછા સમયમાં વિદ્યાર્થીઓ માટે ત્યાં પહોંચવું મુશ્કેલ થશે. CJI ચંદ્રચૂડ, જસ્ટિસ જેબી પારદીવાળા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે કહ્યું કે તે માત્ર ચાર પાંચ વિદ્યાર્થીઓના કારણે બે લાખ વિદ્યાર્થીઓનું કરિયર ખતરામાં ન નાંખી શકે. જેના પર વકીલે દાવો કર્યો હતો કે અમને ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓના મેસેજ આવ્યા છે. નોંધનીય છે કે રવિવારે નીટ પીજીની પરીક્ષા લેવાશે. જેના માટે દ્નમ્ઈસ્જી દ્વારા આઠમી ઓગસ્ટે એડમિટ કાર્ડ જાહેર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ natboard.edu.in થી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે.

## સભાપતિ ધનખડ સામે આર-પારના મૂડમાં વિપક્ષ

વિપક્ષ રાજ્યસભામાં સભાપતિ જગદીપ ધનખડ વિરુદ્ધ કલમ ૬૭ હેઠળ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે. રાજ્યસભામાં શુક્રવારે સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચને સભાપતિ જગદીપ ધનખડના ટોન પર સવાલ ઉઠાવ્યા. સભાપતિ જગદીપ ધનખડ ભડક્યા અને તેમને યોગ્ય વર્તનની સલાહ આપી. તે બાદ વિપક્ષી સભ્યોએ 'દાદાગીરી નહી ચલેગી' ના સૂત્રોચ્ચાર કરતાં વોકઆઉટ કરી દીધું. રાજ્યસભામાં વિપક્ષના વર્તનને અયોગ્ય ગણાવતાં નિંદા પ્રસ્તાવ પણ પસાર થયો. હોબાળા અને નિંદા પ્રસ્તાવ બાદ રાજ્યસભાની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરી દેવાઈ. કલમ ૬૭ (બી) અનુસાર ઉપરાષ્ટ્રપતિને રાજ્યસભાના તમામ તત્કાલીન સભ્યોના બહુમત દ્વારા પસાર અને લોકસભા દ્વારા સંમત એક પ્રસ્તાવ દ્વારા તેમના પદેથી હટાવી શકાય છે. આ માટે ૧૪ દિવસની નોટિસ આપવી જોઈએ. રાજ્યસભામાં વિપક્ષે મલ્લિકાર્જુન ખડગે અંગે ઘનશ્યામ તિવારી તરફથી કરવામાં આવેલી ટિપ્પણીનો મુદ્દો ઉઠાવ્યો. જયરામ રમેશે કહ્યું કે અમુક વાંધાજનક વાતો કહેવામાં આવી હતી. તેની પર તમે કહ્યું હતું કે રુલિંગ આપીશું. તે રુલિંગ શું છે? તેના જવાબમાં સભાપતિ જગદીપ ધનખડે કહ્યું કે મલ્લિકાર્જુન ખડગે અને ઘનશ્યામ તિવારી બંને મારી ચેમ્બરમાં આવ્યા હતાં. એક-એક બાબત પર નજર રાખવામાં આવી.

## વાંસદા ખાતે રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને 'વિશ્વ આદિવાસી દિવસ' ઉજવાયો

બ્રિજેશ પટેલ

પાટનગર સંદેશ વાંસદા-ડાંગ

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા પ્રતિ વર્ષ ૯મી ઓગસ્ટના દિવસને ×વિશ્વ આદિવાસી દિવસ× તરીકે ઉજવણી કરવામાં આવે છે. જેને અનુલક્ષીને ગુજરાત સરકાર દ્વારા ૯મી ઓગષ્ટના રોજ ×વિશ્વ આદિવાસી દિવસ×ની ઉજવણી સમગ્ર રાજયમાં કરવામાં આવે છે. નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મોટી ભમતી ગામના એગ્રીમોલ ખાતે રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી મંત્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે દરેક વનબંધુ પરિવાર સુખી, શિક્ષિત, સ્વસ્થ અને આર્થિક રીતે સધ્ધર રહે. આ ધ્યેયને અનુલક્ષીને તેમણે આદિવાસીઓના કલ્યાણ માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમા મુકી હતી. તેમના કાર્યને આગળ ધપાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે જનહિતલક્ષી નિર્ણયો કર્યા છે.

આદિવાસી સમાજના ઉત્થાન કરવાનું બીડું વર્તમાન સરકારે બખુબી ઉપાડ્યુ છે ત્યારે આજે આદિવાસીના દિકરા દિકરીઓ ફક્ત ખેતી કે પશુપાલન સુધી સિમિત ન રહેતા તેઓની સિધ્ધિ આસમાને પહોચી છે. આજે આદિવાસી દિકરા દિકરીઓ પાયલેટ બન્યા છે, આદિવાસી દિકરી સરીતા ગાયકવાડે સમગ્ર દેશમાં આદિવાસી સમાજનું નામ રોશન કર્યું છે.

મંત્રીએ વધુમાં ભગવાન બિરસા મુંડાને પણ વંદન કરી દરેક આદિવાસી પગભર થાય તે માટે સરકારશ્રીની અનેક કલ્યાણકારી યોજનાઓ આદર્શ નિવાસી શાળા, કન્યા શાળા, કૃષિલક્ષી યોજનાઓ, ન્યુ ગુજરાત પેટર્ન યોજના, બોર્ડર વિલેજ ઉત્કર્ષ યોજના, હળપતિ છ પાયાની યોજના, આદિમજુથ સર્વાંગી ઉત્કર્ષ યોજના સહિત વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી સૌને મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતે મંત્રીએ દેશના



વિકાસમાં નવસારી જિલ્લાના આદિવાસી ભાઈઓ-બહેનો અગ્ર હરોળમાં રહે અને 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ, સૌના વિશ્વાસ'ના મંત્ર સાથે આપણે સૌ આગળ સાથે મળી આગળ વધીએ એવી જ શુભકામનાઓ સાથે ×વિશ્વ આદિવાસી દિવસ×ની શુભેચ્છાઓ પાઠવી સૌને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને ×એક પેડ માઁ કે નામ× અભિયાનમાં સૌને વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણી પ્રત્યે જાગૃત બનવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ પરેશભાઇ દેસાઈએ પ્રાસંગિક ઉદ્બોધન થકી સૌને આદિવાસી સમાજ દ્વારા આઝાદીની જંગમાં આપવામાં આવેલ મહત્વની ભુમિકા, આદિવાસી સમાજની સંસ્કૃતિ, કલા અને પરંપરાઓ અંગે જાણકારી આપી આદિવાસી તરીકે સૌને ગર્વ લેવા અપીલ કરી હતી. તેમણે વર્તમાન સરકારના પ્રયત્નો થકી આદિવાસી સમાજને વિકાસની મુખ્યધારામાં લાવવાનો પ્રયાસ કર્યો છે એમ જણાવી સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી હતી. આ કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લાના અનેક વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વિવિધ યોજનાઓ અંતર્ગત સહાયનું વિતરણ, સામાજિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષ્રેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિદ્યાર્થીઓ અને નાગરિકોને પ્રસસ્તી પત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. નવસારી જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ૧.૨૪૧૧ કરોડના ૨૮ કામોનું ખાતમુહૂર્ત અને ૧.૫૭૩૫ કરોડના ૨૫ કામોનું લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સાથે સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણીનું સાબરકાંઠા જિલ્લાથી જીવંત પ્રસારણ અને આદિવાસી વિકાસ સંલગ્ન યોજનાકિય માહિતી આપતી દસ્તાવેજી ફિલ્મ સૌએ નિહાળી હતી. નવસારી અને વાંસદાના સ્થાનિક કલાકારોએ વિવિધ આદિવાસી નૃત્ય પ્રસ્તુત કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં પ્રાયોજના વહિવટદાર વાંસદા દ્વારા સ્વાગત પ્રવચન કરી પ્રાયોજના કચેરી અંતર્ગત વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી સૌને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સુશિલ અગ્રવાલ, સહિત વિવિધ ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક ગ્રામજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**દેશના વિકાસમાં નવસારી જિલ્લાના આદિવાસી ભાઈઓ-બહેનો અગ્ર હરોળમાં રહે.- મંત્રી મુકેશભાઇ પટેલ**

..................

**આજે આદિવાસીના દિકરા દિકરીઓ ફક્ત ખેતી કે પશુપાલન સુધી સિમિત ન રહેતા તેઓની સિધ્ધિ આસમાને પહોચી છે.-મંત્રી મુકેશભાઇ પટેલ**

.............

**આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ૧.૨૪૧૧ કરોડના ૨૮ કામોનું ખાતમુહૂર્ત અને ૧.૫૭૩૫ કરોડના ૨૫ કામોનું લોકાર્પણ કરાયું**

............

## સહનશક્તિ એ લગ્નજીવનનો પાયો પણ પત્નીના પરિજનો રાઈને પહાડ બનાવે છેઃ ગુજરાત હાઈકોર્ટ

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વના ચુકાદા મારફતે પતિ અને તેના પરિવારજનો સામે પત્નીએ નોંધાવેલી દહેજ ઉત્પીડન અંગેની ફરિયાદ રદબાતલ ઠરાવી. હાઈકોર્ટના જસ્ટિસ દિવ્યેશ એ. જોશીએ જણાવ્યું હતું કે, 'સહનશક્તિ એ લગ્નજીવનમાં પાયો હોવો જોઈએ. પરંતુ ઘણીવાર આવા કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે, પત્નીના પરિવારજનો રાઈનો પહાડ બનાવી દેતા હોય છે. હાઈકોર્ટના જસ્ટિસ દિવ્યેશ એ. જોશીએ અવલોકન કરતાં જણાવ્યું કે, 'લગ્નજીવનની બગડેલી પરિસ્થિતિને સુધારવા અને લગ્નજીવનને ભચાવવાના બદલે તે માટેના શક્ય તમામ પ્રયાસો કરવાને બદલે અજ્ઞાનતાના કારણે અથવા પતિ તથા તેના પરિવારના સભ્યો પ્રત્યે તીવ્ર દ્વેષના કારણે તેમની ક્રિયા નજીવી બાબતોમાં લગ્નજીવનનો સંપૂર્ણ અંત લાવે છે. પત્ની તેના માતા-પિતા અને સંબંધીઓ પ્રથમ પ્રતિભાવમાં ઘણી વખત પોલીસનો સંપર્ક કરે છે. તેઓ એવું ધારે છે કે, પોલીસ તેમની તમામ સમસ્યાઓનો રામબાણ ઈલાજ છે. પરંતુ પોલીસ જેવી સમસ્યામાં સામેલ થાય છે ત્યારે તે લગ્નજીવનના બંને સાથીઓ વચ્ચે સમાધાનની વાજબી તકોને કરી શકે છે.'જસ્ટિસ દિવ્યેશ એ. જોશીએ જણાવ્યું હતું કે, 'શુદ્ધ લગ્નજીવનની પાયો સહનશીલતા, સમાધાન અને એકબીજાનો આદર છે. એકબીજાના દોષ પરત્વે અમુક હદ સુધી સહનશીલતા દરેક લગ્નમાં સહજ હોવી જ જોઈએ. ક્ષુલ્લક વાતો, તુચ્છ મતભેદો સાંસારિક બાબતો છે અને તેમાં અતિશયોક્તિ ના કરવી જોઈએ. સ્વર્ગમાં જે બન્યુ હોવાનું કહેવાય છે તેનો નાશ કરવા પ્રમાણની બહાર પરપોટા ફોડવા જોઈએ નહીં. જો કોર્ટને ખાતરી કે, મહિલાએ દ્વેષપૂર્ણ હેતુ સાથે પતિ અને તેના નજીકના સબંધીઓની સંડોવણી કરી છે તો પછી એફઆઈઆર કે ચાર્જશીટ કોગ્નીઝેબલ ગુનાનો ખુલાસો કરે છે. પરંતુ કોર્ટે હિતમાં નોંધપાત્ર રીતે બીટવીન્સ ધ લાઇનમાં દ્વેષપૂર્ણ હેતુને વાંચવો જોઈએ અને તે બાબતે વ્યવહારિક દ્રષ્ટિકોણ લેવો જોઈએ. જો કોઈ વ્યક્તિને ગુનાહિત વર્તણૂંકની કોઈ બાબતો પર લાવ્યા વિના કેટલાક સામાન્ય અને વ્યાપક આરોપો પર ફોજદારી ટ્રાયલનો સામનો કરવો પડે છે તો તે કોર્ટની પ્રક્રિયાના દૂરપયોગ સિવાય બીજું કંઈ નથી.

**તંત્રી લેખ......**

# બૅન્કના ખાતામાં હવે એક સાથે ચાર નોમિની નોંધાવી શકાશે

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં બૅન્કિંગ કાયદો (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યો છે. આ બિલમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે દરેક બૅન્ક ખાતાધારક એક ખાતા માટે એકથી વધુ અર્થાત્ ચાર 'નોમિની' રાખી શકશે. અત્યાર સુધી એક બૅન્ક ખાતામાં માત્ર એક જ નોમિનીનો ઉલ્લેખ કરવાનો નિયમ છે. જો આ બિલ સંસદમાંથી પસાર થઈ જશે તો હવે નોમિનીની સંખ્યા ચાર કરી શકાશેજો કે, આ એક વૈકલ્પિક જોગવાઈ હશે. પ્રસ્તાવિત બિલમાં વધુ એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જે હેઠળ, કંપનીના ડિરેક્ટર્સના સબસ્ટેન્શિયલ ઈન્ટરેસ્ટને ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, જેમાં મર્યાદા રૂ. ૫ લાખથી વધારી રૂ. ૨ કરોડ કરવામાં આવી છે. જે લગભગ છ દાયકા પહેલાં નિર્ધારિત થઈ હતી.લોકસભામાં વિપક્ષના કેટલાક સભ્યોએ આ બિલનો વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના મનીષ તિવારીએ કહ્યું કે રાજ્યોને સહકારી મંડળીઓ અને સહકારી બૅન્કો સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાનો અધિકાર છે. તેમણે આ સંદર્ભે કાયદાકીય અધિકારો અંગે અસ્પષ્ટતા વિશે પણ વાત કરી હતી કે, કેન્દ્ર સહકારી મંડળીઓને નિયંત્રિત કરી શકે છે કે નહીં તે અંગે વિરોધાભાસ છે.આરએસપીના એનકે પ્રેમચંદ્રને કહ્યું કે સરકાર એક સાથે ચાર કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહી છે અને જે ગૃહની પરંપરાઓ વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે બિલ માત્ર એકબીજા સાથે જોડાયેલા વિષયો સાથે સંબંધિત કાયદા માટે લાવવામાં આવે છે.

# શ્રેષ્ઠ કામગીરી બદલ રાજુલા તાલુકાના આરોગ્ય કર્મચારીઓને સન્માનિત કરાયા




અમરેલી આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસ અન્વયે સેવા,સન્માન અને ગૌરવ કાર્યક્રમમા આરોગ્યના વિવિધ પ્રોગ્રામમા કે પ્રવૃતિઓમાં બેસ્ટ કામગીરી કરનાર આરોગ્ય સ્ટાફને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.જેમા રાજુલા તાલુકાના ૪ આરોગ્ય કર્મચારીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાતા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી.કલસરીયા સહિતની સમગ્ર હેલ્થ ટીમ દ્વારા કરાતી કામગીરીની નોંધ લેવાઈ હતી.

વર્ષ ૨૦૨૩ મા રાજુલા તાલુકાના પ્રા.આ.કેન્દ્રમા આરોગ્યના તમામ પ્રોગ્રામનુ મોનીટરીંગ,સુપરવિઝન અને ટાર્ગેટ પૂર્ણ કરવા માટે તેમજ વિસ્તારમાં સઘન આરોગ્ય શિક્ષણ આપવા બદલ ખેરાના મેઈલ સુપરવાઈઝર ભનુભાઈ લાડુમોર,પોતાના વિસ્તારમાં ફેમીલી પ્લાનિંગની ખુબજ સારી કામગીરી કરવા બદલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર રાજુભાઈ જોષી અને દિનેશભાઈ મહિડા તેમજ આશા તરીકે રાજુલા તાલુકામા શ્રેષ્ઠ કામગીરી કરનાર મીનાબેન વાઘનુ મોમેન્ટો આપી સન્માન કરાયુ હતુ.

જો કોઈ કાર્ય તમે દ્રઢ નિશ્ચયથી કરો તો તે કામ જરૂરથી સફળ થાય છે તે એક ઉદાહરણ સ્વરૂપે જીલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા દ્વારા જણાવી પીડીઆઈમા કરેલ કામગીરીને બિરદાવી હતી તેમજ શ્રેષ્ઠ આરોગ્ય સેવા આપવાથી લોકોની આરોગ્ય સુવિધામાં વધારો કરી શકાશે તેવુ જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રશ્મિકાંત જોષી દ્વારા જણાવેલ જયારે લોકોને આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે તે માટે એક ટીમ વર્કથી ઉત્સાહપૂર્વક કામ કરવા માટે આર.સી.એચ.ઓ.ડૉ.એ.એસ.સાલવી દ્વારા જણાવી સમગ્ર ટીમને સારી કામગીરી બદલ અભિનંદન આપેલ.આ કાર્યક્રમમા જીલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા,મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.આર.એમ.જોષી,આર.સી.એચ.ઓ. ડૉ.એ.એસ.સાલવી,ઈ.એમ.ઓ. ડૉ.એ.કે.સિંઘ,કવોલિટી એમ.ઓ. ડૉ.આર.કે.જાટ,તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓ,મેડિકલ ઓફિસરોશ્રીઓ અને આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વિનયન કોલેજ અમીરગઢ માં ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી.

તારીખ ૯ ઓગસ્ટ ૨૦૨૪, સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવી. આ કાર્યક્રમ માં સૌપ્રથમ ભુપેન્દ્રભાઈ ચડોખીયા દ્વારા આદિવાસી સમાજ જીવન અને આદિવાસી દિવસ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ત્યારબાદ ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો.મહેશ પ્રજાપતિ દ્વારા સાહિત્યમાં આદિવાસી જીવન તેના વિશે વિસ્તૃત પરિચય આપ્યો. ત્યારબાદ સરકારી વિજ્ઞાન કોલેજ અમીરગઢના ટીવાયબીએના વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી લગ્ન ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું. ત્યારબાદ ઈતિહાસ વિભાગના અધ્યક્ષ મુકેશકુમારે આદિવાસી જીવન અને ઈતિહાસ તેમજ વિશ્વ આદિવાસી દિવસના ઈતિહાસ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ત્યારબાદ

ટીવાયબીએ અને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી નૃત્ય રજૂ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં આગળ હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ નરેશ જોશી દ્વારા સાહિત્યમાં આદિવાસી જીવન વિશે રસપ્રદ માહિતી રજૂ કરી. અંતમાં આ કાર્યક્રમને અનુરૂપ વિશ્વ આદિવાસી દિવસ અને વિશ્વના આદિવાસી સમાજ વિશે ભારતના આદિવાસીઓની વસ્તી વિષયક માહિતી અંગે ્ ના માધ્યમ દ્વારા ડો. નીતિનકુમાર જાદવ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડવામાં આવી. અંતમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. મંજુલાબેન પરમાર દ્વારા સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન સરકારી વિનયન કોલેજ અમીરગઢના આચાર્યશ્રી ડોક્ટર એન કે સોનારાનાસર ના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો.નિતિનકુમાર જાદવ અને સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ભુપેન્દ્રભાઈ ચડોખીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ફિલ્મ "ઉડન છૂ"નું ટીઝર લોન્ચ : રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ૬ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થવા સુસજ્જ




● દેવેન ભોજાણી, પ્રાચી શાહ પંડ્યા, આર્જવ ત્રિવેદી, આરોહી પટેલ જેવાં દિગ્ગજ કલાકારો આ ફિલ્મમાં જોવા મળશે

દેવેન ભોજાણી, પ્રાચી શાહ પંડ્યા, આર્જવ ત્રિવેદી, આરોહી પટેલ જેવા ખ્યાતનામ અને પ્રતિભાશાળી કલાકારોનો કાફલો ધરાવતી ફિલ્મ "ઉડન છૂ"નું ટીઝર લોન્ચ કરવામાં આવ્યું છે. ટીઝરમાં આર્જવ ત્રિવેદી "વર" અને આરોહી પટેલ "વધૂ" તરીકે નજરે પડી રહ્યાં છે. અનીશ શાહ દ્વારા નિર્દેશિત, આ ફિલ્મ પ્રેમ, કોમેડી અને ડ્રામાને એક અપરંપરાગત મેરેજ-થીમ આધારિત એન્ટરટેઈન્મેન્ટ પેકેજમાં મિશ્રિત કરવાનું વચન આપે છે.

નવેમ્બર ફિલ્મ્સ અને ઈન્દિરા મોશન પિક્ચર્સના બેનર હેઠળ બનેલ આ ફિલ્મના પ્રોડ્યુસર્સ છે રાહુલ બાદલ, જય શાહ તથા અનીશ શાહ. "અનોખા પ્રયાસોની અનોખી સફર એટલે ઉડન છૂ"- આ લાઈન ઘણું બધું સસ્પેન્સ ક્રિએટ કરે છે અને ફિલ્મના પોસ્ટર લોન્ચને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યા બાદ ટીઝર જોઈને દર્શકોમાં ફિલ્મ જોવાની ઉત્સુકતા વધી છે.

વેડિંગ બેકડ્રોપ સાથે સેટ કરેલી, આ ફિલ્મ ઉતાર-ચઢાવ, હાસ્ય અને આંસુ અને આવી ઉજવણી સાથે આવતા અનોખા અનુભવોને સાર્થક કરશે. સંપૂર્ણ પારિવારિક મનોરંજક ફિલ્મમાં બીજું શું હશે તે જાણવા સૌ કોઈ ઉત્સુક છે.

ફિલ્મનું ટીઝર લગ્નના પોશાકમાં સજ્જ આર્જવ ત્રિવેદી અને આરોહી પટેલના એક દ્રશ્ય સાથે શરૂ થાય છે, જે આનંદદાયક છતાં પડકારજનક વેડિંગ જર્નીનો સંકેત આપે છે. ફિલ્મની વાર્તા હૃદયસ્પર્શી ક્ષણો, કોમેડી અને ડ્રામાથી ભરપૂર હોવાનું વચન આપે છે, જે તેને સંપૂર્ણ મનોરંજન પેકેજ બનાવે છે.

જે લોકોને વેડિંગ આધારિત ફિલ્મો જોવી ગમે છે તેમન માટે આ ફિલ્મ મસ્ટ- વોચ બની રહેશે, જેમાં હાસ્ય, કોમેડી અને ઈમોશન્સ દરેકનો સમન્વય છે. ઉલ્લેખનીય છે છે દેવેન ભોજાણી, પ્રાચી શાહ પંડ્યા, આર્જવ ત્રિવેદી, આરોહી પટેલ પ્રથમવાર એક સાથે આવી રહ્યાં છે તેથી ફિલ્મ અંગે ઘણી આશાઓ સેવાઈ રહી છે.

# સાબરકાંઠા ભારત ગાઈડ સંઘ દ્વારા "મા ના નામે એક વૃક્ષ" કાર્યક્રમ અંતર્ગત વોરાવાવ ગામમાં ૧૦૮ વૃક્ષો રોપવામાં આવ્યા



ઈડર તાલુકાની વોરાવાવ પ્રાથમિક શાળામાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ×મા ના નામે એક વૃક્ષ× કાર્યક્રમનું ઉદઘાટન જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી કેયુર ઉપાધ્યાય, સ્ટેટ ઓર્ગેનાઈઝર કમિશનર શ્રી બીકે સિદપરા રાજકોટ, જિલ્લા ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિત ,જિલ્લા આરોગ્ય સમિતિ ચેરમેન અનસુયાબેન ગામેતી, જિ.પં. સદસ્ય મીતાબેન ગામેતી, મુડેટી સરપંચ દિનેશભાઈ દેસાઈ, સિંયાસણ દૂધ ચેરમેન રાજુભાઈ દામા વગેરે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો. પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે આજે ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા વૃક્ષારોપણ નો કાર્યક્રમ થઈ રહ્યો છે તેથી આનંદ અનુભવું છું અને દરેક પ્રાથમિક શાળાઓમાં આ શિસ્ત, સંસ્કાર ની પ્રવૃત્તિ સ્કાઉટ ગાઈડ દ્વારા થાય તેવો મારો અભિગમ રહેશે. જિલ્લા ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિતે જણાવ્યું કે સ્કાઉટ ગાઈડના બાળકો, શિક્ષકો અને વોરાવાવ પ્રાથમિક શાળા બાળકો દ્વારા ૧૦૮ વૃક્ષો વાવવામાં આવશે. જેમાં બીલીપત્રો, વડ, લીમડો, આસોપાલવ, પીપળો, આંબા, આંબલી, જામફળ જેવા વૃક્ષો ના રોપા રોપવામાં આવશે. બે ત્રણ માસ પછી સ્કાઉટ ગાઈડ દ્વારા આ રોપાઓના જતન માટે નિરીક્ષણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગ્રામજનો સહભાગી બન્યા તે બદલ તેમનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કમિશનર શ્રી નીતિનભાઈ ગુર્જર, ગાઈડ કમિશનર ભારતીબેન ચૌધરી, રેંજર કમિશનર સોનલબેન ડામોર, અરવલ્લી ગાઈડ કમિશનર કિરણબેન પટેલ, વાલજીભાઈ વડેરા, નરસિંહભાઈ વડેરા, જયંતીભાઈ પટેલ, એડવોકેટ સંજય દવે, જગદીશભાઈ વડેરા તથા ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી હરેશભાઈ ચૌધરી, માલવીયા, શ્રી રસિકલાલ નાયક તથા ડો. શ્વેતા જોશી અને શાળાના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. વધુમાં વોરાવાવ ગામની આજુબાજુ ના ૧૩ શાળાઓના ૧૧૦૦ બાળકોને દાતા શ્રી મક્સીભાઈ અસારી દ્વારા તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાર્થના સ્વાગત ગીત અને આદિવાસી લેજીમ નૃત્ય કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક દીકરીઓને નિવૃત્ત શિક્ષક અને સ્કાઉટના સમર્થક નાનજીભાઈ ડામોરે પ્રોત્સાહન ઈનામો આપી નવાજયા હતા.

# મિસ્ટર બેલેટબોક્સ બિઝનેસ કલાસમાં ટ્રાવેલ કરે છે!! તેની તમને જાણકારી છે???

''હંગામા કયું હૈ બરપા ?'' ગુલામઅલીની ગઝલ કાનમાં ગુંજતી રહી.( ડોકટર ડેંગની થપ્પડ પણ કાનમાં મધમાખીની પાંખના ફફડાટથી નિષ્પન્ન થતા કંપનોની જેમ ગુંજે છે!) લેખની પ્રથમ લાઈન વાંચી શરાબ, સાકી, પયમાના, મયખાના, ચખણા,મખણા, આઈસ કયુબ, નીચ, બાઈટીંગ વગેરે મદ્યચટી( ગોળચટી શબ્દથી આપણે કામ ચલાવી લીધું. ખાંડચટી, શિખંડચટી, ચાચટી, ગુલાબજાંબુચટી ઈત્યાદિ શબ્દો પ્રયોજ્યા નહીં. પછી રાંક ગુજરાતી ભાષા રાંકતમ બને તેમાં શી નવાઈ છે? ગુજરાતી ભાષાને શબ્દ સમૃદ્ધ બનાવવા મદ્યચટી શબ્દ પ્રયોજ્યો છે. જય જય ગરવી ગુજરાતી ભાષા!!) વાત, વિશ્રંભકથા વાંચનની વરવી વાંચનભૂખ હોય તો અહીંથી જ અટકી જજો!!

બસ, રેલવે, વિમાનથી મુસાફરી કરીએ તો દરેક મુસાફરીની સિસ્ટમ અલગ છે. બસ સ્ટેશન( આધુનિક ભાષા મુજબ બસપોર્ટ અથવા ટ્રાન્સપોર્ટ હબ કે એરપોર્ટમાં પ્રવેશ કરવા પ્લેટફોર્મ ટિકિટ લેવી પડતી નથી. વિમાન કે બસમાં સંકટ સમયની સાંકળ એટલે કે એલાર્મિંગ સર્કિટ હોતી નથી, જે ખેંચવાથી ટ્રેનની માફક વિમાન કે બસ અટકી જાય. બસ કે વિમાનની માફક ટ્રેનમાં સંકટ સમયનો દરવાજો એટલે કે ઈમરજન્સી એકઝીટ હોતી નથી!! વિમાનની જેમ ટ્રેન કે બસમાં ખુરશી કી પેટી બાંધવી પડતી નથી. બસની માફક ટ્રેન કે વિમાનને બમ્પ, સ્પીડબ્રેકર કે રમ્પલીંગ જમ્પલીંગ બમ્પ નડતા નથી!! વિમાનની માફક બસ કે ટ્રેનને ટેઈક ઓફ કે લેન્ડીંગ કરવાની જરૂરત નથી!!

રેલવેમાં મુસાફર સાથે કેટલો સામાન જઈ શકે તેવી પાબંધી નથી. એટલે ઈન્શર્ટ કરતી સમયે લચી પડેલી ફાંદ એટલે કે ટમીને પેન્ટમાં કચીકચીને ઠુંસે છે કેમ લોકો ટ્રેનની સીટની નીચે તેમ સામાન ઠુંસે છે. ઘણીવાર બાજુની સીટ નીચે બેગ, થેલા, થેલી વગેરે સરહદે કરવામાં આવતી ઘુસણખોરીની જેમ ઠુંસે છે!! બસમાં પણ અમુક મર્યાદામાં સામાન લઈ જઈ શકો છો. સામાન બહુ માત્રામાં હોય તો પાર્સલ કરવું પડે છે. કેવળ વિમાનમાં કેબિન બેગ અને હેન્ડબેગ એવું વિભાજન કરવામાં આવે છે!! બસ કે ટ્રેનમાં આવું વિભાજન શક્ય કે ઉપલબ્ધ નથી. વિમાનમાં નિયત સામાન કરકા વધુ સામાન માટે પ્રતિ કિલો સો રૂપિયાથી હજાર રૂપિયા સુધી લગેજ ચાર્જ ચૂકવવો પડે છે!!

બસ અને રેલવેની મુસાફરીમાં અડધી અને આખી ટિકિટ લેવાના નિયમો છે. વિમાનમાં અડધી ટિકિટનો રિવાજ નથી. બસમાં તમે મુસાફરી કરતા હોવ તો તમારી ઉંમર ( માનસિક ઉંમરના આધારે ટિકિટ લેવાનો પ્રયાસ કરવાથી કન્ડકટર સાથે ઘર્ષણ થવાના ઉજળા સંજોગોનું નિર્માણ થાય છે તેથી વાતનું વતેસર કરવું નહીં!!!) અનુસાર ટિકિટ લેવાની રહે છે. વિધાર્થીના કિસ્સામાં દફતર કે વોટરબેગની અલગથી ટિકિટ લેવી પડતી નથી. સ્કૂલમાં ભણનારને ટિકિટને બદલે કન્સેશન પાસ આપવામાં આવે છે!! નોકરી માટે અપડાઉન કરનારને સિઝનલ પાસ રેલવે કે બસતંત્ર આપે છે, પરંતુ નોકરી માટે વિમાનમાં અપડાઉન કરનારને ઓથોરિટી કિફાયતી કન્સેશન પાસ આપવામાં આવતો નથી. જો કે, આ સુવિધા શરૂ કરવામાં આવે તો પ્લેટફોર્મ પર આવતી ટ્રેન કે બસની જેમ પ્લેનની બહાર ઉભા રહીને બારીમાંથી સીટ પર રૂમાલ નાંખી રૂમાલ રિઝર્વેશન કરનારની સંખ્યા ઓછી ન હોય!! બસ પ્લેટફોર્મ ધીમી ગતિએ આવતી હોય ત્યારે બસની બારીમાંથી બસમાં બીગ બોસમાં સ્પર્ધકને વાઈલ્ડ કાર્ડથી એન્ટ્રી આપવામા્ આવે છે તેમ મુસાફર બારીમાંથી ગેરકાયદેસર એન્ટ્રી લઈ ખુદની સીટ સિકયોર કરે છે તેમ પ્લેનમાં પણ એન્ટ્રી બાય ધક્કામુક્કી થઈ શકે છે!!

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા બસમાં મુસાફરી કરતા મુસાફર પાસેના સામાનને લગેજ તરીકે ઘણીને તેનો નિયત કરેલો ચાર્જ લેવામાં આવે છે. જોકે લગેજના ચાર્જ માટે કેટલા કિલો સુધીના સામાનને લગેજ તરીકે સમાવેશ કરવો તેના માટેના ખાસ નિયમો એસ ટી નિગમ દ્વારા બનાવવામાં આવ્યા છે. તેમાં દરેક મુસાફરની આખી ટીકિટની સાથે ૨૫ કિલો અને અડધી ટીકિટ દીઠ ૧૨.૫૦ કિલો વજનને લગેજ તરીકે ગણવામાં આવતું નથી. આ ઉપરાંત વધારાના લગેજ માટે એસ ટી નિગમે નિયત કરેલો ચાર્જ લેવાનો નિયમ બનાવ્યો છે.

વર્તમાન સમયમાં ટીવી, રેડિઓ કે તેના જેવી અન્ય ચીજવસ્તુઓ મુસાફર સાથે લઈ જતા હોય છે. ત્યારે તેના માટે લગેજ ગણવો નહી તેની મુંઝવણ કંડકટરો અનુભવતા હોય છે. આથી એસ ટી નિગમે ખાસ નિયમો બનાવ્યા છે. તેમાં મુસાફર જો બસમાં રેડિઓ, ટીવી કે અન્ય ચીજવસ્તુઓ સીટ ઉપર મુકીને લઈ જાય તો તેના માટે આખી ટીકિટનો ચાર્જ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.જો કે, મુસાફર સીટનેબદલે બસની છાજલીમાં સામાન મુકવામાં આવે તો પૈસા વસુલવા કે કયા દરે પૈસા વસુસવા તેની સ્પષ્ટતા નવા નિયમમાં નથી! તમારું ટીવી તમારી સીટ નીચે સરકા લો ખટિયા જાડા લગેની માફક સરકાવી દો કે સીટની સામે નીચે મુકી દો તો ટિકિટ લેવી પડે કે કેમ તેની પણ સ્પષ્ટતા નથી કરવામાં આવી !!

હમણા એક ભાઈ મોડાસાથી અમદાવાદ બેંકની નોકરી માટેની પરીક્ષા આપવા બસમાં જઈ રહ્યા હતા. તેની પાસે એકની જગ્યાએ બે લેપટોપ હતા.ચાલુ મુસાફરીએ લેપટોપ પર કામ કરતા હતા. નવીસવી મહિલા કન્ડકટરે પેલા ભાઈને લેપટોપની ટિકિટ લેવા કહ્યું!! મહિલા કન્ડકટર હોઈ પેલા ભાઈએ દલીલ કરવામાં મહિલાને પહોંચી ન શકાય તેવા ધરેલા અનુભવને લીધે દલીલબાજી કર્યા સિવાય એક લેપટોપની ચુમ્માલીસ રૂપિયા લેખે બે લેપટોપ માટે અઠયાશી રૂપિયા ટિકિટ લેવી પડી! એ ભાઈએ ડેપોમાં ફરિયાદ કરી એટલે એસટી ડેપોએ મુસાફરને પરત કરવાની ફરજ પડી!!

ચૂંટણીમાં ઈવીએમની કટર વકીલાત કરતા અંધભકતને કદાચ એ વાતની ખબર નહીં હોય કે રાષ્ટ્રપતિ, ઉપ રાષ્ટ્રપતિ રાજ્ય સભાના સભ્યની ચૂંટણી બેલેટ અને બેલેટ બોકસથી થાય છે. કોઈ માઈના લાલે આ ચૂંટણીઓ ચૂંટણીમાં પારદર્શકતાની દુહાઈ આપીને ઈવીએમથી કરાવવા હાકલ તો શું મીંદડીની જેમ મ્યાંઉ સુધ્ધાં કરેલ નથી. જ્યારે આપણી ચૂંટણીઓ મતપત્રો અને મત પેટીના માધ્યમથી બુથ કેપ્ચરીંગ, બોગસ વોટિંગની ઝાકઝમાળ વચ્ચે ભયનું લખલખુ પસાર થઈ જાય તેવી હિંસાની લપેટો વચ્ચે ગૌરવાન્વિત રીતે સંપન્ન થતી હતી ત્યારે મતપેટીઓ બિચારી ખખડધજ બસમાં જ મુસાફરી કરતી હતી. મતપેટીને ચા-નાસ્તા કે લંચ-ડિનરનો કોઈ ભાવ પૂછતા ન હતા.બસમાં કે ખટારામાં ખડકીને મતપેટીઓ બુથ પર અને બુથ પરથી સ્ટ્રોંગ રૂમની મુસાફરી કરતી હતી. મતપેટીના નામે એટલે કે શ્રીમતી મતપેટી કે શ્રીયુત મતબોકસ કે સુ.શ્રી મતપેટીકુમારીના નામની ટિકિટ એટલે કે ભદ્રંભદ્રની ભાષામાં મૂલ્યપત્રિકા સેવામાં આવતી ન હતી. બેલેટબોકસ બહુ બહુ તો હોડી કે હાથી પર સવાર થતી!! મતપેટીને વિમાનમાં મુસાફરી કરવાનું સ્વપ્ન કે દિવાસ્વપ્ન આવતું ન હતું!! પછી બિઝનેસ કલાસમાં મુસાફરી કરવાનો સવાલ કયાંથી ઉપસ્થિત થાય?? કોઈ આવી વાત કરે તો તેને આત્મનિર્ભર કે સ્વાશ્રયી મેન્ટલ કહે તો કોઈને નવાઈ ન લાગે ???

બટ. વેઈટ . વેઈટ ફોર એ મિનિટ!! રાજ્યસભાના સભ્યો માટે ચૂંટણી મતપત્ર અને મતપેટી મારફતે કરવામાં આવે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી આ પધ્ધતિએ કરવામાં આવે છે. ધારાસભ્યો કે વિધાન પરિષદના સભ્યો મતદાન કરે તે પછી મતપેટી ચૂંટણીપંચના નિર્દેશો મુજબ સિલ થાય છે। વિધાનસભા સચિવાલયના અધિકારી અને મુખ્ય ચૂંટણી અધિકારી કચેરીના અધિકારી મતપેટી ચૂંટણી પંચમાં જમા કરાવવા માટે પ્લેનમાં જાય છે. તમને થશે કે મતપેટી મનેકમને કેબિનબેગમાં લગેજ સ્વરૂપે જતી હશે!! નો, માય ડિયર . યુ આર એબ્સોલ્યુટલી રોંગ! મતપેટી મુસાફરની જેમ સીટ ગ્રહણ કરી મુસાફરી કરે છે!! મતપેટી ઓર્ડિનરી નહીં પણ બિઝનેસ કલાસમાં મુસાફરી કરે છે. મતપેટીના બાકાયદા મિસ્ટર

આભાર - નિહારીકા રવિયા બેલેટબોકસ નામ લખેલ ટિકિટ લેવામાં આવે છે. મતપેટીનો બોર્ડિંગ પાસ પણ નીકળતો હશે. ઈકોનોમી કલાસના મુસાફર કરતાં બિઝનેસ કલાસના મુસાફરને જલપાન, નાસ્તાની એકસ્ટ્રા સુવિધા મળતી હોય છે. મિસ્ટર બેલેટ બોકસમાં નામની ટિકિટ પર મળવાપાત્ર ચા-કોફી, નાસ્તો કોણ ઓહીયા કરી જતું હશે તે સવાલ અમારા ખાંઈ ગલી રાજુ રદીને મુંઝવે છે!!! તમને જવાબ ખબર હોય તો ઈમેઈલ કરવા હાર્દિક આજ્ઞા છે!!

ભરત વૈષ્ણવ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 215**
વિષય : 'શ્રાવણ શિવ મહિમા'
શીર્ષક : " જીવને શિવ થકી નીખરવું છે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૯.

મહાદેવનું શિવાલયે ધ્યાન ધરવું છે,
મારે પુષ્પોની ફોરમ થઈ પ્રસરવું છે.

શ્રાવણ માસમાં મહા કલ્યાણકારી,
હર હર મહાદેવ રટણ મારે કરવું છે.

દેવોના દેવ, મહાદેવની માથે પછી,
જળાભિષેક થઈ મારે નીતરવું છે.

શિવની પૂજા ને શિવની આરાધના,
આ જીવને શિવ થકી નીખરવું છે.

મૃત્યુંજય મહાદેવ, મોક્ષનાં દાતાનું,
ભક્તિ ભાવે મન, શિવનું હરવું છે.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય - શ્રાવણના સરવરિયા
શિર્ષક - શ્રાવણનું વૈવિધ્ય
શબ્દો -૧૫૦

શ્રાવણની શું વાત કરું?
શ્રાવણ વરસાવે આશ સખી.
શિવજી ને કૃષ્ણ સાક્ષાત પધારે,
મહેંકાવે અંતરના ઓરતાં સખી.

એકતરફ હો મોહક મેઘ નર્તન,
વીજળીના મનમાં ઉઠે ઉન્માદ સખી.
હૈયે છાંયે કૃષ્ણ મિલનની આશ,
રાધા બની મન દોડી જાય સખી.

ધરતી સજે શણગાર,
લાગે રૂપ-રૂપની અંબાર સખી.
લીલી ચૂંદડી ઓઢી ખીલી જાય,
જોવા વારંવાર મન લલચાય સખી.

ઉત્સવોની આવે વણઝાર,
મેળે યૌવન મન મૂકી મ્હાલે સખી.
વિધ- વિધ પોશાક ને વ્યંજનો વિશેષ,
ધરા સોડમથી એની મહેંકાય સખી.

ભોળાનાથની ભક્તિ થાય,
મંદિરે ભાવિક ભકતો ઉભરાય સખી.
' બમ્ ભોલે ' નો નાદ બ્રહ્માંડે ગુંજાય,
વ્રત, ઉપવાસ, અનુષ્ઠાન કરાય સખી

મહાદેવને ઘેર - ઘેર જપાય,
બિલિપત્ર, પુષ્પો ને ફળો અર્પાય સખી.
વિષધર પાસેથી અમૃત મંગાય,
શિવ મહિમાના ગાન ગવાય સખી.

આ માસ છે ઈશ પૂજનનો,
સાથે સુરક્ષા આપે રક્ષાબંધનનો સખી.
રસનાને લાડ લડાવે ચટકો છઠ - સાતમનો,
કૃષ્ણ સાથે ઐક્ય સ્થપાવે તહેવાર આઠમનો સખી.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**
વિષય:– શ્રાવણ માસમાં શિવજીનો
શીર્ષક:–'દેવોનો દેવ મહાદેવ '
પ્રકાર:–ગદ્ય શબ્દો:–૨૫૦

દેવોના દેવ એટલે મહાદેવ...ભગવાન શિવનો પ્રિય માસ એટલે શ્રાવણ માસ. શ્રાવણ માસ એટલે પવિત્ર વ્રતો અને તહેવારોનો માસ. શ્રાવણ મહિનાના એક–એક દિવસને એક–એક પર્વ તરીકે ઉજવી શકાય છે, કહેવાય છે કે, શ્રાવણ માસમાં તન– મન– ધન થી વિધિ અને સંયમ રાખીને પૂજા વિધિ જો કરવામાં આવે તો મનોવાંચિત ફળની પ્રાપ્તિ થાય છે.માતા પાર્વતીએ પણ આ શ્રાવણ માસ દરમિયાન અન્ન–જળનો ત્યાગ કરીને ભગવાન શિવની આરાધના કરીને શિવને પ્રસન્ન કર્યા હતા. પાર્વતીના આ કઠોર વ્રતના ફળના રૂપે તેમની ઈચ્છા મુજબ શિવજીએ પાર્વતી સાથે લગ્ન કર્યા હતા. શ્રાવણ માસ દરમિયાન શિવજીની કથા–વાર્તાઓ સાંભળીને પણ અનેક કષ્ટોમાંથી મુક્તિ મેળવી શકાય છે. જો માત્ર શ્રાવણ માસમાં શિવજીના મહિમાની કથા સાંભળીને તમામ સંકટ માંથી મુક્તિ મેળવી શકાતી હોય તો પછી તેની ભક્તિ અને આરાધના કરીને કેટલું ફળ પ્રાપ્ત થઈ શકતું હશે?

શ્રાવણ મહિનાના દરેક દિવસો ખાસ હોય છે પરંતુ શ્રાવણીયા સોમવારનો મહિમા ખૂબ જ અનેરો છે આ સાથે નદીઓમાં નવા નીરની આવક થવાને કારણે તીર્થ સ્નાનનો પણ ઘણું મહત્વ છે.ભક્તોજનો સ્નાન કર્યા બાદ શિવજીને ત્રાંબાની લોટીમાં જળ ભરીને જળાભિષેક કરીને ધન્યતા અનુભવે છે, આ શ્રાવણ માસ દરમિયાન દેવો અને દાનવો વચ્ચે સમુદ્રમંથન થયું હતું. વિષને ગ્રહણ કર્યું તેથી ભગવાન શિવ નીલકંઠ તરીકે ઓળખાયા હતા. આ વિષના પ્રભાવને દૂર કરવા દૂધ અને જળોનો અભિષેક ભક્તોજનો દ્વારા કરવામાં આવે તો તેના અસંખ્ય પાપો બળી જાય છે અને પુણ્યતાની ઘણી પ્રાપ્તિ થાય છે. શિવ માંથી જ છૂટો પડેલો આપણો જીવ અને જીવને ફરી પાછો શિવ સાથે જોડાવવા માટે આઓ આ શ્રાવણ માસમાં શિવની ઉપાસના કરી ભક્તિમાં સૌ થઈ જઈએ લીન... હર હર મહાદેવ ????

બીના આહીર 'ધરતી (ભાવનગર રાજપરા ખોડિયાર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.201**
વિષય: શ્રાવણના સરવરિયા (શિવ મહિમા)
શીર્ષક: જળાભિષેક
પ્રકાર : ગદ્ય શબ્દો : ૧૯૩

પૌરાણિક કથાઓ અનુસાર જ્યારે દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી સૌથી પહેલાં હળાહળ વિષ નીકળ્યું. આ વિષથી સૃષ્ટિને બચાવવા માટે શિવજી વિષ પી ગયાં. વિષ પીવાથી શિવજીનાં શરીરમાં ભયંકર બળતરા થવા લાગી એટલે ઈન્દ્રએ બધાં દેવતાઓની સલાહ મુજબ ઉપાય તરીકે વરસાદ વરસાવવાનું ચાલુ કર્યું. સતત વરસાદને કારણે અતિવૃષ્ટિ થતાં સર્વત્ર હાહાકાર મચી ગયો. ધરતીને બચાવવા ઈન્દ્રએ વરસાદ બંધ કરી દીધો. એટલે દેવતાઓએ શિવજીની બળતરા દૂર કરવા શિવજી પર જળ અને દૂધનો અભિષેક કરવાનું શરુ કર્યું ત્યારથી ભગવાન શિવને જળ અને દૂધ ચઢાવવાની ★પરંપરા★ આજે પણ પાળવામાં આવે છે.

વૈજ્ઞાનિક કારણ અનુસાર જળ અને દૂધ એ ઉર્જાનું પ્રતિક છે. આપણે જાણીએ છીએ કે જળમાંથી વિજળી ઉત્પન્ન થાય છે. એટલે મંદિરોમાં શિવલિંગ પર જળાભિષેક કરવાથી ઉર્જા ઉત્પન થાય છે જે માણસને નેગેટીવ એનર્જીથી દૂર રાખે છે. સાથે જ ? નમઃ શિવાયા મંત્રનો ઉચ્ચાર કરવાથી નેગેટીવ વિચારો દૂર થઈ મન ઉધ્વગામી બની મનમાં શાંતિનો અનુભવ થાય છે. બીજું જળ અને દૂધનાં અભિષેકથી મનમાં નિષ્કામ કર્મની ભાવના જાગૃત થઈ સંતોષનો ભાવ જાગૃત થાય છે. જેનાથી માણસની અંદર રહેલ દુઃખનો ભાવ સ્વતઃ નાશ પામે છે.

છે ને આપણાં તથ્યસભર વિધિવિધાનો. મિત્રો, હિન્દુ ધર્મનાં પ્રત્યેક તહેવારો અને પરંપરાઓ તથ્યસભર અને ભાવજગત સાથે જોડાયેલાં રહ્યાં છે. જાણીએ,સમજીએ અને અપનાવીએ.

?? પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 140**
વિષય: શ્રાવણનાં સરવરિયાં ( શિવ મહિમા)
શીર્ષક: શિવે ભક્તિ ભવે ભવે
પ્રકાર: પદ્ય અછાંદસ
શબ્દો : ૧૦૨

અજર અમર અજન્મા શિવ
તાંડવ પ્રવર્તક નટરાજ શિવ

ત્રિવિધ તાપ હરે ત્રિનેત્ર શિવ
ત્રિપુંડ ત્રિશૂળ ધારી શિવ

જટામાં ગંગા ઝીલનારા શિવ
ભગીરથ કામ કરનારા શિવ

શીરે શશાંક ધરે ચંદ્રશેખર
વિષ પી અમૃત દીધું નીલકંઠે

નંદીની સવારી ને ભૂતોનો ટોળી
અંગે રાખ સ્મશાનની ચોળી

ત્રીજા નેત્રે મન્મથ બાળ્યો
શૈલજાના તપથી રીઝ્યો

શિવનું તાંડવ ને ઉમાનું લાસ્ય
અર્ધનારીશ્વરનું સૃષ્ટિ સર્જન

સઘળાં અનિષ્ટ દૂર કરે ચંદ્રશેખર
જગતનું કલ્યાણ કરે આશુતોષ

કુંવારી કન્યાને વર દેનારા દેવ
સુખમય દામ્પત્ય દેનારા શિવ

શરણાગત માર્કંડેય ઉગાર્યા
મૃત્યુંજય મહાદેવ કહેવાયા

શિવે ભક્તિ, શિવે ભક્તિ, શિવે ભક્તિ
ભવે ભવે
અન્યથા શરણમ નાસ્તિ
ત્વમેવ શરણમ? મમ

લેખિકા: હેમા પિનાકીન ત્રિવેદી (કૃષ્ણ પ્રિયા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:22** વિષય: શ્રાવણનો સરવરિયો
શીર્ષક: શ્રાવણીયો. પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા: ૯૮

શ્રાવણીયો
ભોળો જાગ્યોને માસ આવ્યો શ્રાવણીયો,
મેઘ મલ્હાર થયો ને ભર્યો સરવરિયો.
બીલીને ધતુરે કર્યો ઢગલીયો,
દૂધ, જળઅભિષેકે ભોળો રમીયો.
વિષપાન થકી ભોળો બન્યો નીલકંઠીયો,
જળ ની ધારે મહાદેવ ઠંડો રે પાડીયો.
આરાધના ઉપવાસનો મહિનો મનાવીયો,
શિવ - પાર્વતી ની કથામાં વણાવીયો.
આવ્યો શ્રાવણીઓને તહેવારો લાવીયો,
નંદી ને પોઠીયાના હર્ષે છલકાવીયો.
ભીની માટીની સુવાસે મહેકાવીયો,
વાદળ જાણે ભોળા ને નવડાવીયો.
શ્રાવણે ભોળો અવની એ આવીયો,
નાગ -સાપ, જીવનો મેળો રે જામીયો.
ભોળો જાગ્યો ને માસ આવ્યો શ્રાવણીયો,
ભજન,ધૂન,કિર્તનમાં ભોળો વિતરાયો.
કાનુડો જેલ મહી મધ રાતે જનમીયો,
વાસુદેવ ટોપલામાં મેલીને હાલીયો.
દાન પૂણ્યનો આ મહિનો રે આવીયો,
સાતમ આઠમનો મેળો રે ભરીયો.
ભોળો જાગ્યોને માસ આવ્યો શ્રાવણીયો,
મેઘ મલ્હાર થયો ને ભર્યો સરવરિયો

સેજલ
પટેલ (સેજસ્મી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: N. O. G. S. S. No. 0102.**
વિષય:- શ્રાવણના સરવરિયા.
શીર્ષક:- શ્રાવણના સરવરિયા અને શ્રાવણનું મહત્વ.
શબ્દ:-૨૮૫.

શ્રાવણ માસ એટલે ભગવાન શંકરનો માસ. આ મહિનામાં વરસાદના સરવરિયા જોવા મળે છે. ભગવાન ભોલેનાથને આ પ્રકારનો જલાભિષેક ખૂબ જ ગમતો હોય છે. શ્રાવણ માસમાં છુટા છવાયા સરવરિયા વરસે રાખે છે, આકાશમાંથી થતી વર્ષા ભગવાન ભોલેનાથને રિઝવવા માટે જાણે પધારી હોંય તેવું આપણે લાગ્યા રાખે છે.

શ્રાવણ માસમાં ખાસ ભગવાન ભોળાનાથ શંકર અને પાર્વતીની આરાધના કરવાનો આ મહિનો છે. આ મહિનામાં ભગવાન શંકરની જુદા જુદા પ્રકારે પૂજા કરવામાં આવે છે. જલાભિષેક કરવામાં આવે છે. જુદા જુદા ફળનારસોનો અભિષેક કરવામાં આવે છે. ફળ ધરવામાં આવે છે . ભાંગ અને ધતુરો અર્પણ કરવામાં આવે છે . ભગવાન શિવને રાજી રાખવા માટે તમામ લોકો ભગવાન શંકરના રુદ્રાભિષેક, શિવતાંડવ નૃત્ય, શિવ મહિમ્ન સ્તોત્ર વગેરે કરતા હોય છે. લોકો વ્રત અને ઉપવાસ રાખે છે ,અને ખાસ કરીને સોમવારના દિવસે મોટા ભાગના લોકો ભગવાન શંકરની પૂજા અને દર્શનાર્થે જતા હોય છે. આમ સોમવારનું આ વિશેષ મહત્વ છે.

ભગવાન શંકરની મનથી જો આરાધના કરવામાં આવે તો સુખ, સમૃદ્ધિ , શાંતિ , વિગેરે તેનાથી પ્રાપ્ત થાય છે. ધન ધાન્યથી ભંડાર ભરપૂર રહે છે .લોકોને લક્ષ્મીની કોઈ કમી થતી નથી. આધિવ્યાધિ અને ઉપાધિમાંથી લોકો મુક્ત થાય છે. આમ ભગવાન શંકરની આરાધના કરી અને ભવોભવ નું પુણ્ય પ્રાપ્ત કરવા માટે લોકો પ્રયત્ન કરે છે.

દેશમાં આવેલા બાર જ્યોર્તિલિંગો તેમજ ગામેગામ ભગવાન શંકરના મંદિરે ભગવાન શિવની આરાધના કરવામાં આવે છે અને ભગવાન ભક્તોની ઉપર હંમેશા કૃપા વરસાવે છે .આ સમય દરમિયાન શ્રાવણ માસના સરવરિયા ચારે તરફ જોવા મળે છે. વારંવાર વરસાદના ઝાપટા આવી અને ધરતીને ભીની કરે છે અને લોકોના મનને આનંદિત કરે છે.

શ્રાવણમાં શરૂ થતા જ જુદા જુદા તહેવારોની શરૂઆત થઈ જાય છે અને આમ છેક આસો મહિના સુધી જુદા જુદા પ્રકારના તહેવારોમાં લોકો આનંદ કરતા હોય છે ,ત્રીજ ,ચોથ નાગ પંચમી, રાંધણ છઠ ,શીતળા સાતમ આઠમ એ જન્માષ્ટમીનો મહોત્સવ છે અને આમ આખા મહિના દરમિયાન અનેક ઉત્સવમાં લોકો ભાગ લે અને આનંદ કરે છે.

રતીલાલ વાયડા

**********************************

**NOG SS NO: 202**
વિષય: શ્રાવણનાં સરવરિયા(શિવ મહિમા)
શીર્ષક:"શિવ-શક્તિ "પ્રકાર: મૌલિક પદ્ય. શબ્દો: ૪૮. "શિવ-શક્તિ"

શિવ-શક્તિની કરીએ ઉપાસના,
શિવરાત્રીએ પ્રભુને કરીએ પ્રાર્થના.

આપે સૌને સદવિચાર ને સદ્બુદ્ધિ,
કરે સૌનું કલ્યાણ, માં જગત જનની.

ભોળાનાથ છે પ્રભુ શિવ-શંકર,
ઉત્તમ વિચાર આપે છે ભગવાન.

રહે આશીર્વાદ પાર્વતી માતનાં,
કૃપા કરે ભોળાનાથ ભક્તજન પર.

હળીમળી સૌ જન રહીએ સાથ,
પ્રભુભક્તિ કરી, કરીએ દરરોજ કામ.

??ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG S S NO: 366**
વિષય: શ્રાવણનાં સરવરિયા( શિવ મહિમા)
શીર્ષક :શ્રાવણ માસ અને શિવનું મહત્વ
પ્રકાર : ગદ્ય
શબ્દ: ૩૪૫

પવિત્ર શ્રાવણ માસ એટલે ભોળાંનાથને રીઝવવાનો મહિનો. ભોળાંમાં ભોળાં દેવ એટલે ભોળાંનાથ.અને એમને અતિ પ્રિય એવો માસ એટલે શ્રાવણમાસ.હવે પ્રશ્ન એ ઉદ્ભવે કે કેમ કોઈ અન્ય નહીં ને શ્રાવણ માસ જ ભગવાન ભોલેનાથને પ્રિય છે.
તો આવો એ વિષે થોડું વિગતે સમજીએ. આપણાં હિન્દુ વૈદિક પંચાગ વિક્રમ સવંત મુજબ દશમો મહિનો એટલે શ્રાવણ અને શક સવંત મુજબ પાંચમો મહિનો એટલે શ્રાવણ.હિન્દુ કેલેન્ડરના બાર મહિનાઓના નામ નક્ષત્ર મુજબ રાખવામાં આવ્યા છે આ મહિનામાં શ્રાવણ નક્ષત્રમાં પૂનમ રહેતી હોવાથી એનું નામ શ્રાવણ પાડવામાં આવ્યું છે. અને શ્રાવણ મહિનામાં માતા પાર્વતીએ ભગવાન શિવને પતિ રૂપે પામવા માટે આકરી તપસ્યા કરી જેથી પ્રસન્ન થઈ ભોલેનાથ પહેલીવાર ધરતી પર આવ્યાં હતાં.ત્યારથી એવું માનવામાં આવે છે કે શ્રાવણ મહિનામાં ભગવાન શિવ સ્વયમ્ ધરતી પર આવે છે અને એમની કૃપા એમના આશીર્વાદ પામવા માટે સહું યથાશક્તિ પૂજન અર્ચન કરે છે. બેલપત્ર, અક્ષત, કમળનાં કે કરણના ફૂલ કે પછી પંચતત્વ મિશ્રિત ગાયનું દૂધ આ બધું જ શિવને પ્રિય છે પણ એથી વધુ પસંદ છે સાચા મનની ભક્તિ.જો અંત:કરણથી ભગવાન ભોળાનાથની પૂજા કરવામાં આવે,વ્રત ઉપવાસ કરવામાં આવે તો ભક્ત ઉપર સદાય એમની કૃપા વરસતી રહે છે.
વળી,જ્યારે સમુદ્ર મંથન થયું ત્યારે શ્રાવણ માસ ચાલતો હતો અને એ સમયે હળાહળ વિષ પી ને શિવજીએ સમસ્ત ત્રીલોકની રક્ષા કરી હતી. ગળામાં રહેલ વિષને કારણે એમનો કંઠ નીલો પડવા લાગ્યો અને એનાં દુષ્પ્રભાવને રોકવા એમનાં પર સતત જલાભિષેક કરવામાં આવેલો.બસ ત્યારથી શિવલિંગ પર જળ ચઢાવવાની પરંપરા શરૂ થઈ એમ માનવામાં આવે છે. વળી શિવપુરાણમાં પણ ઉલ્લેખ છે કે ભોલેનાથને શ્રાવણમાસ અતિ પ્રિય છે.આ માસમાં મેઘ રાજા સ્વયમ્ ભોલેનાથને જલાભિષેક કરે છે.અને આ આખો મહિનો એક પર્વ તરીકે ઉજવાય છે કારણ કે સોળ. સોમવાર, પ્રદોષ વ્રત જેવા ઘણાં બધાં વ્રત/ ઉપવાસ,તહેવાર આ માસમાં આવે છે.

કુંવારિકાઓ કે પરણિત સ્ત્રીઓ સારું સૌભાગ્ય પામવા માટે શિવની આરાધના કરે છે.પુરુષો પણ ભોલેનાથની કૃપા પામવા માટે ઉપવાસ કરે છે.ભક્તિ કરે છે.મંત્રજાપ કરે છે.અને મનવાંછિત વરદાન પામે છે.
તો આવો આપણે પણ દેવોના દેવ મહાદેવને શબ્દોરૂપી ફૂલ અર્પણ કરીએ અને સ્વસ્થ અને સુખી જીવન માટે પ્રાર્થનાં કરીએ.

યોગી ઉમા 'શબ્દ સ્યાહી'??

# દાંતા ખાતે આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં વિશ્વ આદિવાસી દિવસ' ની ભવ્ય ઉજવણી કરાઇ

રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કેબિનેટમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં આદર્શ નિવાસી શાળા, દાંતા ખાતે ૯ મી ઓગસ્ટ ને 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકતાં અંબાજીથી ઉમરગામ સુધીના પટ્ટામાં વસતા આદિવાસી ભાઈઓ, બહેનોને વિશ્વ આદિવાસી દિવસની શુભકામનાઓ પાઠવી હતી. તેમજ વિવિધ યોજનાના લાભાર્થીઓને સાધન સહાયના ચેક અને લાભોનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ખેડબ્રહ્મા ખાતે આયોજિત રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આદિવાસી સમાજના કલાકારો દ્વારા પરંપરાગત લોક વાદ્ય, લોક નૃત્ય સીદી ધમાલ સહિતના રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી નાયકો અને ક્રાંતિવિરોએ આપેલા બલિદાન અને યોગદાનને યાદ કરતાં જણાવ્યું કે આદિવાસી સમાજનો દિવ્ય અને ભવ્ય ઈતિહાસ રહેલો છે. તેમના ગૌરવ અને રક્ષણ માટે પ્રતિબધ્ધતા આવે તથા જળ, જંગલ, જમીન અને પૃથ્વી ઉપરનાં માનવ, જીવનસૃષ્ટિ, પશુ-પંખી અને પ્રકૃતિનાં સંરક્ષણ માટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાય છે.

આઝાદીની લડતમાં અનેક આદિવાસીઓએ પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે. આ તકે તેમણે આદિવાસી સપૂત બિરસા મુંડા, માનગઢના મહાનાયક ગોવિંદ ગુરુ, વેગડો ભીલ, જેવા અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનોને યાદ કર્યા હતા. પ્રકૃતિ પૂજક આદિવાસી સમાજ જળ, જમીન, જંગલ અને પશુ પક્ષીના સંરક્ષક હોવાનું જણાવી મંત્રીશ્રીએ તેમના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતુ. આદિજાતિના શિક્ષણ, રોજગાર, આરોગ્ય, રહેઠાણ સહિત માળખાગત સુવિધા અને આદિજાતિ ઉત્કર્ષ માટે ૪૨૫ જેટલી યોજનાઓ અમલમાં મુકાઈ છે. જ્યારે ૨૨ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આદિજાતિ સમાજની સૌથી પહેલી ચિંતા પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ કરી હતી. હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી સમાજને સમાજની મુખ્યધારામાં લાવવા માટે વનબધું કલ્યાણ સહિતની યોજનાઓ શરૂ કરી આદિજાતિ સમાજના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે સંકલ્પ કર્યો છે જેને રાજ્યના મુખયમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે.

આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે શિક્ષણ,રમત ગમત સિધ્ધિઓ મેળવનાર અને ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત તાલીમ મેળવી ભારતીય સેનામાં જોડાયેલા આદિવાસી યુવકો, કૃષિ ક્ષેત્રે સિધ્ધિ મેળવનાર ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાય અને લાભના ચેકનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી વરુણ કુમાર બરનવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.આઇ.શેખ, પ્રાયોજના વહીવટદાર શ્રી દેવહુતા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, સંગઠનના જિલ્લા પ્રમુખશ્રી કિર્તિસિંહ વાઘેલા, અગ્રણી લાભુ ભાઈ પારઘી સહિત મોટી સંખ્યામાં આદિવાસી ભાઈઓ બહેનો આ ઉજવણીમાં સહભાગી બન્યા હતા.

# જય જોહાર...'ના નારાથી ગુંજી ઉઠ્યો ડાંગ જિલ્લો, પારંપારિક વસ્ત્રોમાં વિશ્વ આદિવાસી દિવસની વઘઇ ખાતે ભવ્ય ઉજવણી કરાઇ



આદિવાસી સમાજની ગૌરવવંતી સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા તેમજ તેમની પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવા દર વર્ષે ૦૯ ઓગસ્ટના દિવસને "વિશ્વ આદિવાસી દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈના ગાંધી બાગ ખાતે આદિવાસી સંસ્કૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ગણેશ ચેરીટેબલ ટ્રસ્ટ આંબાપાડાના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'વિશ્વ આદિવાસી દિવસ' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ ઉજવણી અંતર્ગત મોટી સંખ્યામાં આદિવાસી બંધુઓ પરંપરાગત વસ્ત્ર પરિધાન, વાદ્યો અને નૃત્ય સાથે આદિવાસી સંસ્કૃતિની ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ગાંધી બાગથી પગપાળા સાથે વાજિંત્રો, ટેબ્લો, નૃત્યો, બેન્ડ પાર્ટી સાથે રેલી નીકળી બજાર થઈ તાલુકા સેવા સદન થઈ દૂધશીત કેદ્રથી કાર્યક્રમ પુર્ણ થયો હતો. આદિવાસી દિવસની ઉજવણીને લઈ વઘઈ મેઈન બજારમાં વેપારી એસોસીએશને આદિવાસી સમાજના આગેવાનોનું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કર્યું હતું.વઘઈ ખાતેના કાર્યક્રમમાં તાલુકા તથા ગામોના આદિવાસી ભાઈ બહેનો તેમજ સર્વ ધર્મ સંપ્રદાયના લોકો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના આગેવાન રિતેશ પટેલ, ભગુભાઈ રાઉત,વિજય થોરાટ,નિલેશ ગાવિત, અલ્પેશ રાઠોડ, જિજ્ઞેશ પટેલ, રાજુભાઈ, ગણેશભાઈ સહિત આદિવાસી સંસ્કૃતિ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો, ગણેશ ચેરીટેબલ ટ્રસ્ટ આંબાપાડાના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વઘઈ તાલુકા આદિવાસી સમાજ દ્વારા નીકળેલ રેલીમાં ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ, માજી ધારાસભ્ય મંગળભાઈ ગાવીત, ડાંગ ભાજપ સંગઠનના પ્રમુખ કિશોરભાઈ ગાવિત,આદિજાતિ મોરચાના મંત્રી સુભાષભાઈ ગાઈન, ભાજપ સંગઠનના મહામંત્રી દિનેશભાઈ ભોયે સહિતઆગેવાનોઉપસ્થિત રહ્યા હતા.



ઊના થી વીસ કિલોમીટર દૂર ગીર ગઢડા તાલુકાના દ્રોણ ગામે હજારો વરસ પહેલાં પાંડવો ના ગુરૂ દ્રોણાચાર્ય એ શિવ લિંગ ની સ્થાપન કરી મંત્ર શકિત થી પથ્થર ની શિલા મા બાણ મારી ગંગાજી પ્રગટ કરેલ તે હજારો વરસ થી શિવ લિંગ ઉપર અખંડ અવિરત શિવ લિંગ ઉપર ગંગાજી નો અભિષેક થાય છે. તેવા પોરણીક અને પ્રાચીન મંદિર મા શ્રાવણ માસ મા સેકડો ભાવિકો આવતા હોય તેમના માટે સતત પાંચ મા વરસે ઊના મા પંદર વરસ થી વિના મૂલ્યે આંખ ના નિદાન કેમ્પ કરતી મોતિયા ના ઓપરેશન કરાવતી અને તેર વરસ થી રોજ સાંજે સીતેર થી વધુ ભૂખ્યા ને ભોજન આપતી જય જલારામ મિત્ર મંડળ ઊના ના સભ્યો દ્વારા દાતાઓ ના સહકાર થી દ્રોણેશ્વર ટ્રસ્ટ ના સહકાર થી શ્રાવણ માસ ના ત્રીસ દિવસ સુધી દરોજ બપોર ના ૧૧,૩૦થી ૧/૩૦સુધી ભવિકો ને વિના મૂલ્યે ભોજન પ્રસાદ અને ફરાળ આહાર આજથી શરૂ કરવામાં આવીયો છે. સેકડો ભાવિકો પ્રસાદ નો લાભ લઈ રહ્યા છે.

# ઉના શહેરમાં ગાયત્રી માતાજી મંદિરે ૨૯ મુ હોમાત્મક સતચંડી યજ્ઞનું ૩ દિવસીય ભવ્ય આયોજન

ઊના
(હિતેષ જોષી દ્વારા)

ઊના શહેર મા વેરાવળ રોડ ઉપર આવેલ શિક્ષક સોસાયટી પાસે ત્રીસ વરસ પહેલા પૂ. બ્રહ્મલીન સંત સ્વામી સત્યાનંદ સરસ્વતિ બાપુ (તપોવન આશ્રમ) ના આશીવાર્દ અને પ્રેરણા અને માતાજી ના ભકતો ના તન, મન અને ધન ના સહકાર થી સુંદર મજાનું વેદ માતા ગાયત્રી માતાજી નું મંદિર નું નિર્માણ કાર્ય પૂરું કરી દિવ્ય તેજ વાળી ગાયત્રી માતાજી ની પંચ મુખી પ્રતિમા ની સ્થાપના કરવામાં આવી હતી જેને ઓગણત્રીસ વરસ પૂર્ણ થતાં હોય પાટો ઉત્સવ નિમિત્તે તા.૭/૦૮/૨૪ને બુધવાર થી હોમાત્મક




સતચંડી યજ્ઞ ત્રણ દિવસ નો પ્રારંભ કરવા મા આવશે આ યજ્ઞ માં

અગિયાર યજમાનો બિરાજસે યજ્ઞ વિધિ આચાર્ય શ્રી, ચેતનભાઈ જયકૃષણભાઈ દવે (પ્રભાસ પાટણ) વાળા અને ભૂદેવો સંપન્ન કરાવશે યજ્ઞ ના દિવસો દરમિયાન મંદિર નું ધ્વજારોહણ, સત્યનારાયણ ભગવાનની કથા, જલ યાત્રા, ગુરુવારે રાત્રે ૯/૩૦કલાકે હનુમાન ચાલીસા ના સમૂહ પાઠ યોજાશે યજ્ઞ નું બિડા હોમ તા,૯/૦૮/૨૪નેશુક્ર વારે સાંજે ૫, ૩૦કલાકે યોજાશે ત્યાર બાદ આરતી અને મહા પ્રસાદ યોજાશે સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા શ્રી, ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી, ગાયત્રી ગરબી મંડળ ઊના ના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

## ડાંગ જિલ્લાને "વિશ્વ આદિવાસી દિવસ" ની ભેટ

# રૂ. ૭૪.૯૫ કરોડના ૮ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને રૂ. ૧૦.૨૫ કરોડના ૧૨ કામોના થયા લોકાર્પણ

: આહવા-ડાંગ

"વિશ્વ આદિવાસી દિવસ" ની ઉજવણી કરતાં રાજ્ય સરકારે, બહુલ આદિજાતિ વસ્તી ધરાવતા ડાંગ જિલ્લાને કુલ રૂ.૭૪.૯૫ કરોડના ૮ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત, અને રૂ. ૧૦.૨૫ કરોડના ૧૨ કામોનું લોકાર્પણ કરી, "આદિવાસી દિવસ" ની ભેટ આપી છે. આહવા ખાતે ડાંગ સ્વરાજ આશ્રમના પટાંગણમાં આયોજિત "વિશ્વ આદિવાસી દિવસ" ઉજવણી કાર્યક્રમના મંચ ઉપરથી, રાજયના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ડાંગવાસીઓને આ વિકાસ કાર્યોની ભેટ આપી હતી.

જે આઠ કામોનું અહીથી ખાતમુહૂર્ત કરાયું છે. તેમાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના (૧) જામલાપાડા-ઉગા રોડ, (૨) નાનાપાડા-ખાપરી રિવર રોડ, (૩) સાકરપાતળ-સુરગાણા રોડ, (૪) ચિખલા-બરડીપાડા (વાયા ભાગરાપાણી) રોડ, (૫) કૂડકસ ચિકાર રોડ, તથા (૬) વડથલ-ભવાનદગડ (વાયા સુંદા ) રોડ સહિત રાજ્ય માર્ગ અને મકાન વિભાગના (૧) આહવા-ચિંચલી-બાબુલઘાટ રોડ, અને (૨) સાપુતારા ખાતે ન્યુ રેસ્ટ હાઉસના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ ઉપરાંત પંચાયત હસ્તકના (૧) માળુંગા થી શ્રીભુવન રોડ, (૨) દેવીપાડા થી હાડકાઈચોંડ રોડ, (૩) કિલાઈબારી થી ભેંડમાળ રોડ, (૪) ઝાવડા થી પારડી રોડ, (૫) કાલીબેલ થી ટેક્પાડા રોડ, સહિત (૫) ભુજાડ થી બરડીપાડા રોડનું લોકાર્પણ પણ મંત્રીશ્રી ના હસ્તે કરાયું હતું. ગ્રામ્ય માર્ગો ઉપરાંત ડાંગ જિલ્લામાં ગારખડી-૨ ચેકડેમ, વાંવદા ચેકડેમ અને ગોળષ્ટા ચેકડેમ તથા બરડીપાડા, ઝરી-૨ અને ગાઢવી-૧ ગામે તૈયાર થયેલા આંગણવાડી કેન્દ્રોનું પણ લોકાર્પણ કરાયું હતું.આ ઉપરાંત કાર્યક્રમના ભાગરૂપે વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ પણ, મંત્રીશ્રી સહિતના મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતુંડાંગ જિલ્લામાં આજે વન અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના ૧૮૪ લાભાર્થીઓને અધિકાર પત્રો એનાયત કરવા સાથે, બોર્ડર વિલેજ આવાસ યોજના, વ્યક્તિગત આવાસ યોજના, કુંવરબાઈનું મામેરું યોજના, બોર્ડર વિલેજના પશુપાલકો માટેની દુધાળા પશુઓની ખરીદીની યોજના, સ્માર્ટ ફોન સહાય યોજના, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના બસ પાસની યોજના, સંત સુરદાસ યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, પાલક માતાપિતા યોજના, ઉજ્જવલા યોજના, આયુષ્યમાન કાર્ડ યોજના, અને માલિકી યોજના જેવી વિવિધ યોજનાઓના ૮૨૧ લાભાર્થીઓને કુલ રૂ.૨૯૨.૬૯ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. ડાંગ જિલ્લામાં ઉજવાયેલા 'વિશ્વ આદિવાસી દિવસ' ના કાર્યક્રમ દરમિયાન, આદિજાતિ સમાજના પાંચ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું મુખ્ય સ્ટેજ ઉપરથી સન્માન કરવા સાથે, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કુષ્ઠ દેખાવ કરનારા અગિયાર જેટલા રમતવીરો, આદિવાસી વિસ્તારમાં રહીને આદિજાતિ પરિવારના આરોગ્યનું જતન સંવર્ધન કરતા, શ્રેષ્ઠ કામગીરી કરનારા આરોગ્ય કર્મચારી, અને શ્રેષ્ઠ દૂધ મંડળીનું સંચાલન કરતા સંચાલકનું પણ સન્માન કરાયું હતું.

# રવાપર ખાતે યોજાશે ભવ્ય ત્રી દિવસીય ગણેશ મહોત્સવ

મહેશ એલ. સોની
નખત્રાણા

નખત્રાણા તાલુકાના રવાપર ગામે રવાપર વિસ્તાર સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી ગણેશ મહોત્સવનું મોટાપાયે આયોજન કરવામાં આવે છે. ગણેશ મહોત્સવની રવાપર તેમજ આસપાસના વિસ્તારોની જનતા કાગડોળે રાહ જોતી હોય છે
દર વર્ષે યોજાતા આ મહોત્સવમાં સંતવાણી રામામંડળ,તેમજ આસપાસના ગામોના બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે ત્યારે આ વર્ષે પણ રવાપર ખાતે ૨૧ મા ગણેશ મહોત્સવ ઉજવવામાં માટે રવાપર લોહાણા સમાજવાડી ખાતે થોડા દિવસ પહેલા એક મીટીંગ યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા



હતા. ગણેશ મહોત્સવ સમિતિના મુખ્ય ઈન્ચાર્જ આયોજક અશ્વિનભાઈ રૂપારેલે આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે તારીખ ૭/૯/૨૦૨૪ ગણેશ ચતુર્થીના દિવસે સિદ્ધિ વિનાયક મંદિરમાં સરપંચ શ્રી પરેશ ભાઈ રૂપારેલ ના હસ્તે પૂજા અર્ચના બાદ મૂર્તિ દાતાપરીવાર શ્રી લાલજી ભાઈ સુરજી બારમેડાના નિવાસસ્થાનેથી વાજતે ગાજતે બેન્ડ પાર્ટીના સૂર સંગાથે ભવ્ય શોભાયાત્રા નિકળશે જે બસ સ્ટેશનથી થઈ શિવમંદિર ખાતે પૂર્ણ થશે જ્યાં ગજાનન મહારાજની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. સાંજે ૫:૩૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા યોજવામાં આવશે.
ઘડાણી રોડ પર આવેલ માલદાર ધામ ખાતે રાત્રે ગુજરાતના નામાંકીત કલાકારો દેવાંગીબેન પટેલ, ભારતીબેન બારોટ સાથે હાસ્ય કલાકાર રસિક મહારાજ , દિક્ષિત મહારાજની સંતવાણી યોજાશે આ સંતવાણીમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ના કલાકારો ડૉ. હાથી ( નિર્મલ સોની) તેમજ અબ્દુલ ( શરદ શંકલા) વિશેષ હાજરી આપશે.
દ્વિતીય દિવસે ભગવાનભાઈ જોશી પ્રસ્તુત રાસ ગરબા બાદ મહાઆરતી યજમાન ડૉ. ચિરાગ પટેલ પરીવાર હસ્તે ઉતારવામાં આવશે. જ્યારે રાત્રે અમદાવાદના નાટ્યક્ષેત્રના જાણીતાં વિવેક શાહ પ્રસ્તૂત ગુજરાતી નાટક "વહુ હું તને શું કહું" યોજવામાં આવશે. ત્રિદિવસીય મહોત્સવના અંતિમ દિવસે સમસ્ત ગ્રામ જનો પાંખી પાડશે બપોરે મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મહાપ્રસાદના મુખ્ય દાતા બાબુભાઈ દેવશી પોકાર (બેંગ્લોર) સહયોગી દાતા જેઠાલાલ કાનજી કારીયા તેમજ અન્ય સહયોગી દાતાશ્રીઓનો સહયોગ સાંપડ્યો છે લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજવાડી તેમજ લોહાણા સમાજવાડી ખાતે બપોરે મહાપ્રસાદ યોજાશે.

# " ટોપ-૫૦ "માં દેશમાં ગણપત યુનિવર્સિટીએ બારમું અને ગુજરાતમાં ત્રીજું ગૌરવવંતું સ્થાન હાસલ કર્યું !

ગુજરાત રાજ્યમાં પીડીઈયુ અને સેપ્ટ યુનિવર્સિટી પછીના ત્રીજા ક્રમનું સ્થાન એટલે પ્રતિષ્ઠાની પાઘડીમાં વધુ એક સિદ્ધિનું ગરવું મજાનું છોગું દેશભરમાં ગુજરાતની એક હાઈટેક અને પ્રથમ હરોળની યુનિવર્સિટી તરીકે નામના પામેલી ગણપત યુનિવર્સિટીની યશ કલગીમાં એક વધુ પીંછું ઉમેરાયું છે. રાષ્ટ્રના એક પ્રથમ પંક્તિના સુપ્રતિષ્ઠિત અંગ્રેજી સાપ્તાહિક "આઉટલુક"દ્વારા પ્રતિવર્ષ યોજાતા રેન્કિંગ્સ ઉપક્રમમાં આ વર્ષના "આઉટલુક-આઈ કેર ઇન્ડિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ-૨૦૨૪માં ગણપત યુનિવર્સિટીએ ગુજરાત રાજ્યમાં ત્રીજું અને રાષ્ટ્રીય કક્ષાએ બારમું સ્થાન હાંસલ કર્યું છે ! ગણપત યુનિવર્સિટીને હાંસલ થયેલા અનેક માન-અકરામોમાં "આઉટલુક" જેવા રાષ્ટ્રના પ્રથમ પંક્તિના અંગ્રેજી સાપ્તાહિકના રેન્કિંગ્સમાં મળેલા આ ઉચ્ચકક્ષાના રેન્કિંગને કારણે દેશમાં ગુજરાતનું ગૌરવ વધ્યું છે અને ગણપત યુનિવર્સિટીની પ્રતિષ્ઠાની પાઘડીમાં એક વધુ સિદ્ધિનું છોગુ ઉમેરાયું છે !



" આઉટલૂક-આઈ કેર ઇન્ડિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ-૨૦૨૪ દ્વારા દેશની પ્રથમ કક્ષાની પચાસ ( ટોપ-૫૦ ) સ્ટેટ પ્રાઈવેટ યુનિવર્સિટીઓને રેન્કિંગ્સ આપવામાં આવ્યું છે. ગુજરાતની કુલ છ સ્ટેટ પ્રાઈવેટ યુનિવર્સિટીઓને આમાં સ્થાન મળ્યું છે જેમાં ગણપત યુનિવર્સિટીએ ત્રીજું સ્થાન હાંસલ કર્યું છે. તો આગળના સ્થાને ગુજરાતની બે જ સ્ટેટ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ છે જેના નામ છે પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટી ( ગાંધીનગર ) અને સેપ્ટ યુનિવર્સિટી (અમદાવાદ ). રાષ્ટ્રીય કક્ષાએ જોઈએ તો ગણપત યુનિવર્સિટી આ વર્ષે ૧૨મા ક્રમાંકે છે તો અગાઉના વર્ષોમાં-૨૦૨૨માં ૧૫મા ક્રમાંકે અને ગયા વર્ષે એટલે કે ૨૦૨૩માં ૧૩મા ક્રમાંકે હતી, આમ ગણપત યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તા ક્રમશઃ સતત ઉત્કર્ષ પામી રહી છે.
આ રેન્કિંગ્સમાં સ્થાન પામતી યુનિવર્સિટીની કઈ કઈ બાબતો લક્ષમાં લેવામાં આવે છે?
આવો જાણીએ :
૧. એકેડેમિક અને રિસર્ચ એક્સેલન્સ.
૨. ઈન્ડસ્ટ્રી ઈન્ટરફેસ અને પ્લેસમેન્ટ.
૩. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ફેસિલિટીઝ.
૪. ગવર્નન્સ અને એડમિશન્સ.
૫. ડાઈવર્સિટી અને આઉટરીચ.
ઉપરોક્ત પાંચ બાબતોમાં યુનિવર્સિટીની ગુણવત્તા કઈ કક્ષાની છે તેની આકરી કસોટી થાય છે અને રેન્કિંગ આપવામાં આવે છે. ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ-દાદા તેમજ પ્રો ચાન્સેલર પ્રો. ડો. શ્રી મહેન્દ્ર શર્માએ યુનિવર્સિટીએ હાંસલ કરેલી આ સિદ્ધિ માટે સમગ્ર યુનિવર્સિટી-પરિવારને ધન્યવાદ આપી આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# અમદાવાદ સ્થિત દિવ્યપથ શાળામાં એડ્યુફેસ્ટ ૩.૦: પ્રતિભા અને સર્જનાત્મકતાની શાનદાર ઉજવણી

દિવ્યપથ શાળા ઉત્સાહ સાથે સફળતાના માર્ગે ચાલી રહેલ સંસ્થા છે કારણ કે તે એડ્યુફેસ્ટ ૩.૦નું આયોજન કરે છે, જે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને પ્રતિભાની ઉજવણી કરતી ત્રણ દિવસીય ઉત્કૃષ્ટતા છે. ૮મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ શરૂ થયેલી આ ઈવેન્ટમાં સોમલલિત, સ્કુમ, એલએમએલ, શિવ આશિષ, ડિવાઈન ચાઈલ્ડ, એસજીવીપી, એપલ ગ્લોબલ, વિશ્વનિકેતન, ડીએવી, રંગોલી, કેલોરેક્સ અને યજમાન શાળા સહિત અનેક પ્રતિષ્ઠિત શાળાઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી હતી.
આ ફેસ્ટમાં વિવિધ પ્રકારની સ્પર્ધાઓ દર્શાવવામાં આવી હતી, જેમાં વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવ્યું હતું. પ્રથમ દિવસ સવારે ૮:૦૦ વાગ્યે શરૂ થયો, જેમાં વર્ગ ( અને ) માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધાના વાઈબ્રન્ટ રંગોથી ઓડિટોરિયમ ગુંજી ઉઠ્યું, જ્યાં બાળકોએ તેમની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનું પ્રદર્શન કર્યું. તે જ સમયે, જોલી લેન્ડ હોલમાં સમાન વયગ્રુપ માટે લોક નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ, સ્પોટલાઈટ ઈન્ડોર સ્પોર્ટ્સ રૂમમાં ફેરવાઈ, જ્યાં વર્ગ (ફ થી ફેં )ના વિદ્યાર્થીઓએ ગિફ્ટ રેપિંગ સ્પર્ધામાં તેમની કલાત્મકતાનું પ્રદર્શન કર્યું. બાદમાં આઠમાથી દસમા ધોરણના વિદ્યાર્થીઓ માટે ક્રોશેટ કી ચેઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું,



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.